### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ દ્વારા

# સાયન્સ એન્ડ ટેકનોલૉજી ઍક્ઝિબિશનનો પ્રારંભ







ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ વિભાગ દ્વારા બે દિવસીય સાયન્સ એન્ડ ટેકનોલૉજી ઍક્ઝિબિશન-૨૦૨૦નો પ્રારંભ સેકટર-૧૨માં આવેલ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે કરવામાંઆવ્યો છે. જે Role of Non-conventional Energy Resources in Redesigning Environment વિષયને આધારિત વિશ્વવિદ્યાલય સંચાલિત કડી અને ગાંધીનગર ખાતે આવેલ બી.એસસી, ફાર્મસી, નર્સિંગ, આઈટી જેવા વિવિધ કોલેજમાંથી ૧૩૦ જેટલા લાઈવ મોડલ રજૂ કરવામાં આવ્યાં છે.

આ એકઝીબીશન-૨૦૨૦ ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડન્ટ વલ્લભભાઈ એમ.પટેલ, ગુજકોસ્ટના એડવાઈઝર ડો. નરોત્તમ શાહુ, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. એસ. કે. મંત્રાલા, કુલપતિ ડો. ગાર્ગી રાજપરા, એમ. એમ. પટેલ સાયન્સ કોલેજના આચાર્ય ડો. કેયુર શાહ સહિત યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડા, આચાર્યો, વ્યાખ્યાતાઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજકોસ્ટના એડવાઈઝર ડો. નરોત્તમ શાહુએ પ્રસંગોચિત્ત ઉદબોધન કરતાં કહ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓના વિકાસ અર્થે આવા કાર્યક્રમોની ખાસ આવશ્યકતા અનુભવાઈ રહી છે.

વલ્લભભાઈ એમ. પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પસંદગી પામેલ લાઈવ મોડલ પર વિશેષ સંશોધન અર્થે જરૂરી સહયોગ પૂરો પાડીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

માઈક્રોબાયોલૉજી વિભાગના વડા ડૉ. ચેતન અંબાસણા, એઍસઍસઆઈ કૅમિસ્ટ્રી વિભાગના પ્રૉફેસર ડૉ. ઉમેશ તરપદા અને આઈઆઈઈટી ગાંધીનગરના આસિ. પ્રૉફે. પારસ ઉચાટ આ ઍક્ઝિબિશનના નિર્ણાયક તરીકે સેવાઓ બજાવી રહ્યા છે.

પ્રથમ દિવસે કડી સર્વ વિદ્યાલય સહિત ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લાની સાયન્સ સ્કૂલના ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઍક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.


## જન્મદિને વધામણી



સંગીતાબેન શાહ
મો. ૯૯૭૯૫ ૪૬૮૦૧



કનુભાઈ એમ પરમાર
મો. ૮૮૪૯૧ ૬૭૭૪૭



અંકિતા ભીમસેન

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા યોજાઈ અલંકારની વિભાવના અંગે કાર્યશિબિર



ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બીઍડ કૉલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી અલંકારની વિભાવના વિશે કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તજ્જ્ઞ તરીકે ડૉ. નિયતી અંતામીએ ઉપસ્થિત રહી અલંકાર એટલે શું, અલંકારના વિવિધ પ્રકારો, અલંકારનું કાવ્યમાં સ્થાન વગેરે મુદ્દાઓની વિશદ છણાવટ કરી હતી.

સંસ્થા વતી પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

### ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે

# મહિલા સુરક્ષા માર્ગદર્શન તાલીમ યોજાઈ





ગાંધીનગર, તા. ૬

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના રાષ્ટ્રીય સેવા યોજના અને ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા પરિસરના મહિલા વિકાસ એકમના સંયુક્ત ઉપક્રમે મહિલા સુરક્ષા માર્ગદર્શન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા-પ્રશિક્ષક તરીકે પરમાર્થ સેવા ટ્રસ્ટ, અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી નિતિનભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આજના સમયમાં જ્યારે મહિલા સુરક્ષા એક અત્યંત ચિંતાજનક અને સંવેદનશીલ વિષય બની રહ્યો છે, ત્યારે નિતિનભાઈએ વિદ્યાર્થીઓને ખૂબ જ રસપ્રદ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે દુનિયામાં, ભારતમાં અને ગુજરાતમાં મહિલા તસ્કરી, ગુનાહખોરી, છેડતી, અત્યાચાર, શોષણ, એસિડ એટેક, રેપ-કેસ, વગેરેના આંકડાઓ અને ચોંકાવનારી હકિકતો રજૂ કરીને સહુને વિચારતા કરી મૂક્યા હતા. આવા સંજોગોમાં બાળકી, યુવતી કે સ્ત્રીઓની સાવચેતીના પગલા શું હોઈ શકે અને યુવકોની જવાબદારી શું હોઈ શકે- તેના વિશેની વિસ્તૃત માહિતી અને નિદર્શન પૂરાં પાડ્યા હતા. આ ઉપરાંત ૧૦૯૧, ૧૮૧ અને ૧૦૮ હેલ્પલાઈન તેમજ મોબાઈલ અપ્લિકેશનની ઉપયોગીતા તેમજ કાયદાની કલમ ૩૫૪-છ, ૩૫૪-ડી, ૧૦૦, ૫૦૯, વગેરે વિશે પણ અત્યંત ઉપયોગી માહિતિ આપી હતી. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી અને પ્રાધ્યાપક ડૉ. લોકેશ જૈને કહ્યું કે આ તાલીમથી વિદ્યાર્થીઓમાં સંસ્કારિતા, ઉત્સાહ, સ્વસ્થતા, આત્મવિશ્વાસ, પ્રામાણિકતા અને નિડરતાના ગુણો વિકસસે અને ત્રિવેદીજીએ તે માટેની અત્યંત પ્રેરણાદાયી વાતો અને પ્રશ્નોત્તરીથી કાર્યક્રમને ખૂબ જ જીવંત અને રસપ્રદ બનાવ્યો છે. આ કાર્યક્રમના સમાપન સત્રમાં મહિલા વિકાસ એકમ રાંધેજા પરિસના પ્રભારી સંચાલન ડૉ. અમીષા શાહે મુખ્ય વક્તાનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે આ તાલીમ ભાઈઓ અને બહનો બંને માટે વ્યાવહારિક રીતે ખૂબ જ ઉપયોગી નિવડશે.



શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો - ૯ થી ૧૨ના ઉત્સાહી વિદ્યાર્થીઓએ દોડ, લીંબુ-ચમચી, સ્લો સાયકલિંગ, લોટફૂંક, ત્રિપગી દોડ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળા તરફથી ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ વ્યાયામ શિક્ષક નલિનભાઈ પટેલ દ્વારા સંચાલિત કરવામાં આવ્યો હતો.

# વલ્લભ વિદ્યાનગર ખાતે 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા તાજેતરમાં ઈતિહાસના અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે રસપ્રદ પ્રવચન યોજાયું હતું, જેમાં અભિલેખાગારનો ક્રમિક વિકાસ, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ગુજરાત સ્ટેટ આર્કાઈવ્ઝ, ઈતિહાસ સંશોધનમાં દફતરોની તથા રાષ્ટ્ર ઘડતરમાં દફતરોની ઉપયોગિતા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. અને તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવવામાં આવ્યા હતા.


આ પ્રસંગે ગુજરાતના વિવિધ દેશી રાજ્યોનાં ૧૫૦ વર્ષ કરતાં જુના ઐતિહાસિક દસ્તાવેજોનું એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના કુલપતિ શિરિષભાઈ કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈતિહાસ વિભાગના વડા ડૉ. પ્રો. જિગિષભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ગાંધીનગર ખાતે ૧૦મી લીડરશીપ કૉન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણ અને ઉદ્યોગ જગતના મહાનુભાવોએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના ૪૫ જેટલા વિષય નિષ્ણાતોએ વિષય પરત્વે ગહન ચર્ચા-વિચારણા કરી હતી.

# ૧૨મીએ યોજાશે જાજરમાન જલસો




ગાંધીનગર, તા. ૬

તા. ૧૨મી જાન્યુઆરીના રોજ ટાઉન હોલ, એલીસબ્રીજ અમદાવાદ ખાતે શબ્દશ્રી આયોજિત જાણીતા ગઝલકાર રમેશ ચૌહાણનું પૂ. મોરારિબાપુના હસ્તે અભિવાદન થશે, જેમાં શબ્દ અને સૂરના મહારથીઓ એમની કલા પ્રસ્તુત કરશે. સ્વરોત્સવમાં આરતી મુનશી અને શ્યામલ-સૌમિલ દ્વારા સુગમસંગીતની પ્રસ્તુતિ થશે. 'પીળો પડછાયો' કવિ સંમેલનમાં ભાગ્યેશ જહા, રાજેશ વ્યાસ 'મિસ્કીન', વિનોદ જોશી, રમેશ ચૌહાણ, તુષાર શુક્લ, માધવ રામાનુજ, હરદ્વાર ગોસ્વામી અને રક્ષા શુક્લ કાવ્યપઠન કરશે. મોરારિબાપુ વક્તવ્ય આપશે. સંચાલન હરદ્વાર ગોસ્વામી કરશે. આ કાર્યક્રમ સંપૂર્ણ નિશુલ્ક છે. સાહિત્ય અને સંગીતપ્રેમી શ્રોતાઓને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જીવનરંગથી બનેલાં ચિત્રોરૂપી કાવ્યોનો સંગ્રહ

પુસ્તક પરિચય



નટવર હેડાઉ
vanvihari@gmail.com

પાબ્લો નેરૂદાએ ક્યાંક લખ્યું છે કે 'રચના કર્મ માનવના સામાજિક કર્મનું એક રૂપ છે. કોઈ પણ સર્જક ફક્ત એક કલાકાર નથી હોતો, પણ તે વ્યાપક સામાજિક પ્રક્રિયામાં ભાગ લે છે. તેનાથી પ્રભાવિત થાય છે અનો તેનો પ્રભાવિત કરે છે. તે માત્ર એક કલાકાર નથી હોતો, કારીગાર પણ હોય છે અને કાર્યકર પણ હોય છે.'

સાહિત્યની દુનિયા સંવેદનશીલતાની દુનિયા છે. તેમાં સંવેદનશીલ સર્જક સર્જક પોતાના સમયના સંબંધથી ગાઢ રીતે જોડાયેલ હોય છે. તેના યુગનો પ્રતિધ્વનિ તેના અનુભવના શબ્દે શબ્દમાં ધ્વનિત થાય છે. વાસ્તવમાં કૃતિ મૂલ્યવાન, ઊર્જાવાન, પ્રાણવાન ત્યારે બને છે જ્યારે તે પોતાના જમાનાની અભિવ્યક્તિ સાથે ભવિષ્ય માટે એક સકારાત્મક વિચાર સમાજને આપે છે. ગુજરાતી કવિતા ક્ષેત્રે આવા એક 'પ્રયાસ'ની વાત કરવી છે.

'પ્રયાસ' કવયિત્રી પિન્કી શાહનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે, જેમાં છંદમુક્ત એવાં ૪૫ કાવ્યો રચી ભાવક સામે મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેથી જ તેઓ કહે છે કે 'કહેવું શું આ સંગ્રહને એ જાણતી નથી. જીવન જીવ્યું નથી ક્યારેય, વ્યાખ્યાઓ મુજબ ફક્ત પ્રયાસ છે આ મનના વંટોળને વહેતા મૂકવાનો...' આ સંગ્રહમાં વારસો, અપેક્ષા, સંદેહ, માતૃત્વ, વિરહ વિગેરે પાંચ કાવ્ય રચનાઓને ગુજરાતી સાથોસાથે અંગ્રેજી લિપિમાં મૂકી નીચે ફૂટનોટ્સ આપવામાં આવી છે. તે કદાચ વિદેશમાં વસતા ગુજરાતીઓ જે ગુજરાતી લિપિમાં વાંચી ન શક્યા હોય તેના માટે મૂકવાનો એક સારો પ્રયાસ કહી શકાય.

'પ્રયાસ' સંગ્રહમાં છ જેટલા શુભેચ્છા સંદેશ પણ છે, જેમાં બાબા અમિત શુક્લ કવયિત્રીનાં કાવ્યોને ચાર વિભાગોમાં વહેંચે છે. જેમ કે (૧) દર્દની અનુભૂતિવાળાં કાવ્યો... પાનખર, ખાલીપો, શું આ જરૂરી છે ? હૂંફ, મુખોટા (૨) સલાહની અનુભૂતિવાળાં કાવ્યો... વરસો, અપેક્ષા (૩) સંબંધને લગતાં કાવ્યો... ગર્વ, ગૂંગળામણ, હાથ તો લંબાવી જુઓ, વિરહ, માતૃત્વ અને (૪) સુખની અનુભૂતિવાળાં કાવ્યો.. કુદરતને ખોળે, કવયિત્રી પિન્કી શાહના પ્રયાસને હૃદયપૂર્વક શુભેચ્છા અને આશીર્વાદ પાઠવતાં મા ભારતી શુક્લ હૃદયની ઊર્મિઓને કલમ થકી સુષુપ્ત વિચારધારાને જીવિત કરવાના પ્રયાસને બિરદાવે છે. તો આપણા જાણીતા બાળ વાર્તાકાર, નાટ્યકાર પ્રકાશ લાલા તેને આવકાર આપતાં પોતાના ખુલ્લા દિલે એકરાર કરતાં લખે છે કે હું કવિ નથી. કવિતા લખતો નથી પણ વાંચતાં મને મજા પડી. ભલે સાહિત્ય સ્વરૂપની દૃષ્ટિએ એ બધી કવિતાઓ બનતી નથી પણ એમાં સરળ પ્રસ્તુતિ, જીવનની ફિલસૂફી, જીવનની વાસ્તવિકતા વિશેની અભિવ્યક્તિ સ્પર્શી જાય તેવી અનુભૂતિ થાય છે. તો વળી મનીષા અને આનંદની શુભેચ્છાઓ સાથે પાર્થવી અધ્યારુ શાહને તો અમેરિકામાં વસતી હોવા છતાં તેની ભાષામાં એક પોતીકો અંદાજ હજુ પણ દેખાય છે. તેના માટે તેઓ દામુભાઈ શુક્લનો સંસ્કાર વારસો પેઢી દર પેઢી ઝળકી રહ્યાની વાતનો સ્વીકાર કરી એક ગુજરાતી તરીકે ગૌરવ અનુભવે છે. નિકી અને ચાંદની વટવાએ અંતરની લાગણીઓ સાથે આ સંગ્રહને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા છે. સંગ્રહમાં કેટલીક રચનાઓને અનુરૂપ શ્વેતશ્યામ તસવીરો પણ મળે છે.


'પ્રયાસ' કાવ્ય સંગ્રહ દ્વારા કવયિત્રી પોતાની અંદર ઝાંકવાનો પ્રયાસ કરે છે અને શું વિચારે છે તે પ્રથમ રચનામાં મળે છે. તે લખે છે કે -

નાનો છે આ પ્રયાસ
અંદર ડોકિયું કરવાનો
શું ખબર શું મળશે

કવયિત્રી દૂર વિદેશ પણ વસે છે. પળોમાંથી તે શું શોધે છે તે આ રચનામાં જોઈએ -

દૂર હતી બધાથી
છતાં નજદીકતાનો ભાસ હતો
દરેક સંબંધને ફૂરસદે વાગોળ્યા

અહીં આપણને પિન્કીની કવિતાઓમાં ફિલોસોફી સાથે ક્યાંક સમાજની વર્ષોથી ચાલી આવતી ઘરેડ સામે પણ સવાલો અને જીવન કળવાની વાત છે. તો ક્યાંક પ્રહાર અને પ્રેમ પણ છે. કવયિત્રીનું આ કાવ્યઝરણું આમ જ અસ્ખલિત વહેતું રહે તેવી શુભેચ્છા સાથે તેના નાનકડા છતાં સુંદર પ્રયાસને આવકારું છું.




પ્રયાસ (કાવ્યસંગ્રહ)
લેખક : પિન્કી શાહ
પ્રકાશક : બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિંમત : રૂા. ૧૦૦/-